ગાંધીનગર સમાચાર



ગોતા નજીક રાજપૂત સમાજ ભવનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિયા-લવારપુર વચ્ચે કાર-ટેન્કર વચ્ચે અકસ્માત : બે કલાક ટ્રાફિક જામ

**હિંમતનગર તરફથી અલ્ટોકાર લઈ આવતા અમદાવાદ કોર્પોરેશનના ચાર કર્મચારીઓ ઘવાયા : એક ગંભીર : ઓવરટેક દરમિયાન કાર અને ટેન્કર સામ સામે અથડાયા હતા**

ગાંધીનગર, તા. ૧

અમદાવાદ-હિંમતનગર હાઈ-વે પર પ્રાંતિજ-લવારપુર વચ્ચે ગત સમી સાંજે ટેન્કર અને કાર સામ-સામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં અલ્ટોકારમાં સવાર ચાર શખ્સોને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે અંદાજે માર્ગ પર બે કલાક સુધી ભારે ટ્રાફિકજામ જોવા મળ્યો હતો. પોલીસે મહા મુસીબતે ટ્રાફિક હળવો કરાવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ-હિંમતનગર હાઈ-વે પર હિંમતનગરથી અલ્ટોકાર જીજે.૧.કેઈ.૨૫૬૮માં સવાર થઈ ચાર મિત્રો અમદાવાદ તરફ આવી રહ્યા હતા. આ દરમિયાન પ્રાંતિયા-લવારપુર વચ્ચે પુરપાટઝડપે દોડી આવતી સિમેન્ટ ભરેલી ટેન્કર નં. જીજે-૧.ટીટી.૪૪૭૯ના ચાલકે ટ્રક ઓવરટેક કરી સામેથી આવતી કારને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર ચાર મુસાફરોને પણ ઈજાઓ થવા પામી હતી. આ ચાર મુસાફરોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં એકની હાલત વધુ નાજુક હોવાનું જાણવા મળેલ છે. અકસ્માતમાં ઘાયલ ચારેય ઈજાગ્રસ્ત અમદાવાદ મ્યુનિસિપાલીટી કોર્પોરેશનના કર્મચારી હોવાનું પણ જાણવા મળ્યું હતું.

આ ગંભીર અકસ્માત સર્જાતા અમદાવાદ હિંમતનગર હાઈવે પર બે કલાક સુધી ભારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. બે-ત્રણ કિમી માર્ગ પર વાહનોની લાંબી લાઈનો થતા વાહનચાલકો પરેશાન થઈ ગયા હતા. જ્યારે ટ્રાફિક પોલીસે ભારે જહેમત બાદ ટ્રાફિક હળવો કરાવ્યો હતો.

આ ગમખ્વાર અકસ્માત અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. વનરાજસિંહ ચલાવી રહ્યા છે.

# અમદાવાદમાં વહેલી સવારમાં અને રાત્રે હવે ઠંડીનો ચમકારો

## તાપમાનમાં ઉતારચઢાવની પરિસ્થિતિ : નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૬.૨ ડિગ્રી : ગરમ વસ્ત્રો બજારમાં તેજી આવશે

અમદાવાદ, તા. ૧

ઓછુ તાપમાન રહેવાની કોઈપણ પ્રકારની ચેતવણી જારી ન થતાં એક બાજુ સામાન્ય લોકોએ રાહત અનુભવી છે પરંતુ હવે ઠંડીનો ચમકારો સવારમાં અને સાંજે જોવા મળી રહ્યો છે. મોડી સાંજે મોટાભાગના લોકો ગરમ વસ્ત્રો પણ નજરે પડી રહ્યા છે. આવનાર દિવસોમાં તાપમાન ઘટવાની સ્થિતિમાં લોકો વધારે સાવધાન થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૯.૯ ડિગ્રી થયું હતું જ્યારે ડિસામાં ૧૯.૨ ડિગ્રી તાપમાન થયું હતું. ગાંધીનગરમાં ૧૯ ડિગ્રી તાપમાન રહ્યું હતું. જો કે, રાજ્યમાં સૌથી ઓછુ લઘુત્તમ તાપમાન ૧૬.૫ ડિગ્રી નલિયામાં નોંધાયું હતું. તાપમાનમાં સતત ફેરફારના કારણે લોકો પરેશાન થયેલા છે. ખાસ કરીને બાળકો અને મોટી વયના લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બિમારીઓનો આતંક જોવા મળી રહ્યો છે, જેમાં શરદી-ગરમીની તકલીફ સૌથી વધુ જોવા મળી રહી છે.આ સ્થિતિ હજુ યથાવત રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આજે પાટનગર ગાંધીનગરમાં, અમદાવાદમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો હતો.લોકોને રાત્રિ ગાળામાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. કેટલાક લોકો તો ગરમ વસ્ત્રો પણ પહેરવા લાગી ગયા છે. ટૂંક સમયમાં ગરમ વસ્ત્રોના બજારમાં તેજી આવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. બીજીબાજુ આજે રાહતજનક સમાચાર એ રહ્યા હતા કે કોઈપણ પ્રકારની ચેતવણી ઓછા તાપમાન માટેની જારી કરવામાં આવી નથી. બાળકો અને મોટી વયના લોકો રોગના સકંજામાં આવી રહ્યા છે. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે તાપમાનમાં ઘટાડો થઈ શકે છે.

# હવે મતગણતરી તમામ જગ્યાઓએ એક સાથે

અમદાવાદ,તા. ૧

રાજ્યની છ મહાનગરપાલિકા અમદાવાદ, વડોદરા, ભાવનગર, જામનગર, સુરત અને રાજકોટની ચૂંટણી માટે મતગણતરીની તારીખમાં આજે ફેરફાર કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે હવે મતગણતરી તમામ જગ્યાએ એક સાથે યોજાશે. જેમાં મહાનગરપાલિકાની સાથે સાથે નગરપાલિકા, જિલ્લા, તાલુકા પંચાયતમાં મતગણતરી એક સાથે બીજી ડિસેમ્બરના દિવસે યોજાશે. અગાઉ મહાનગરપાલિકામાં મતગણતરી ૨૬મી નવેમ્બરના દિવસે યોજાનાર હતી પરંતુ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મતગણતરીની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ચૂંટણી કાર્યક્રમની અન્ય તારીખમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી અરજીના આધારે સુનાવણી હાથ ધરવામાં આવી હતી ત્યારબાદ આ અંગેનો નિર્ણય કરાયો છે.



ટાઉન હોલમાં અમદાવાદ જનકલ્યાણ દ્વારા તેજસ્વી મુસ્લિમ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.



પાટીદાર અનામત આંદોલન : પાટીદાર અનામત આંદોલન સમિતિના અગ્રણીઓ સામે કરાઈ રહેલી પોલીસ કાર્યવાહી સંદર્ભે પકડાયેલા આગેવાનોના પરીવાર દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં આંદોલન પૂર્વેની અને આંદોલન બાદની પરિસ્થિતિનો ચિતાર અપાયો હતો.

# રાજ્યમાં સ્વાઈન ફ્લુથી વધુ એકનું મોત

## ઓગસ્ટ બાદથી સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધી ૫૬૨

અમદાવાદ, તા. ૧

નવેમ્બર મહિનાની શરૂઆત થઈ ચુકી છે ત્યારે સ્વાઈન ફ્લુના કેસોનો આંકડો સતત વધી રહ્યો છે. છેક ઓગસ્ટ મહિનાથી લઈને છેલ્લા ત્રણ મહિનાથી સ્વાઈન ફ્લુનો આતંક અમદાવાદ સહિત રાજ્યભરમાં જારી રહ્યો છે. આજે સ્વાઈન ફ્લુના વધુ ત્રણ કેસ નોંધાયા હતા જ્યારે સ્વાઈન ફ્લુથી કચ્છમાં એક વ્યક્તિનું મોત થયું હતું. આની સાથે જ મોતનો આંકડો વધીને ૬૧ ઉપર પહોંચી ગયો છે.

આજે જે નવા ત્રણ કેસ નોંધાયા હતા તેમાં જામનગર, ગીર સોમનાથ અને રાજકોટમાં એક એક કેસનો સમાવેશ થાય છે. ઓગસ્ટ મહિના બાદથી સ્વાઈન ફ્લુના કુલ કેસોની સંખ્યા વધીને ૫૬૨ સુધી પહોંચી ચુકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૧૫માં સ્વાઈન ફ્લુ, ડેન્ગ્યુ અને મલેરિયા રોગચાળાએ ભારે આતંક મચાવ્યો છે. અમદાવાદમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ખૂબ મોટી નોંધાઈ છે અને આંકડો હજારોમાં પહોંચ્યો છે. અમદાવાદમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૨૧૯૮ નોંધાઈ ચુકી છે. જ્યારે રાજ્યમાં કુલ કેસોની સંખ્યા ૬૮૪૧ નોંધાઈ છે. જે સાબિત કરે છે કે રાજ્યભરમાં સ્વાઈન ફ્લુના આંકડાની ગણતરી કરવામાં આવે તો એકલા અમદાવાદમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા રાજ્યના કેસોની સરખામણીમાં એક તૃતીયાંશ જેટલી નોંધાઈ છે. અમદાવાદમાં સ્વાઈન ફ્લુના ૨૦૧૪માં માત્ર ૯ કેસ નોંધાયા હતા. જ્યારે ૨૦૧૫માં સ્વાઈન ફ્લુના ૨ હજારથી પણ વધારે કેસ નોંધાયા છે. રોગચાળાને કાબુમાં લેવામાં હવે ધીમે-ધીમે સફળતા મળી રહી છે. સમગ્ર રાજ્યમાં મલેરિયાના કેસોમાં ઉલ્લેખનીય રીતે વધારો થયો છે. જે પૈકી અમદાવાદમાં કેસોની સંખ્યા ખૂબ મોટી નોંધાઈ છે. સ્વાઈન ફ્લુથી મોતના આંકડાની વાત કરવામાં આવે તો ગુજરાતમાં સ્વાઈન ફ્લુના કારણે ૩૦મી માર્ચ સુધી મોતનો આંકડો ૪૨૮ ઉપર પહોંચી ચુક્યો છે. જ્યારે રાજસ્થાનમાં મોતનો આંકડો ૪૧૫ નોંધાયો છે.

### મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જે પૈકી અનેક મતદાન મથકો સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. તમામ બુથ પર કેન્દ્રિય દળના જવાન તૈનાત રહ્યા હતા. લાઈવ વેબકાસ્ટિંગ માટેની વ્યવસ્થા પણ ખાસરીતે કરવામાં આવી હતી. ચોથા તબક્કામાં મતદાન બાદ જે ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઇ ગયા હતા તેમાં મુખ્યપ્રધાન નિતીશ કુમાર, પ્રધાન રામાઈ રામ, રન્જુ ગીતા અને મનોજ કુશવાહનો સમાવેશ થાય છે. ચૂંટણીમાં મોટી સંખ્યામાં માઈક્રો ઓબ્ઝર્વર પણ રાખવામાં આવ્યા હતા. મતદાનને શાંતિપૂર્ણરીતે પાર પાડવા માટે તમામ તૈયારી કરવામાં આવી હતી. ચુંટણીને ધ્યાનમાં લઈને માઈક્રો ઓબ્જર્વર તૈનાત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જનરલ ઓબ્જર્વર, ખર્ચ ઓબ્જર્વર, પોલીસ અને જાગૃતિ ઓબ્જર્વર તૈનાત કરવામાં આવ્યા હતા. કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ તમામ પગલા લેવાયા હતા. સ્થિતિને હળવી કરવા છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી. ચુંટણીપંચે ઊંચા મતદાનની ખાતરી કરવા તમામ પગલા લીધા હતા.ચોથા તબક્કામાં જે ઉમેદવારો રહેલા છે તે પૈકી કુલ ૨૫૩ ઉમેદવારો એવા છે જેમની સામે ફોજદારી કેસો રહેલા છે. જ્યારે ૪૮ મતવિસ્તારોમાં રેડ એલર્ટની જાહેરાત ગઈકાલે જ કરવામાં આવી હતી.ચોથા તબક્કામાં લાલુ યાદવની પાર્ટીએ સૌથી વધારે ૨૬ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે નિતીશ કુમારની પાર્ટીએ ૨૧ ઉમેદવારોને મેદાનમાં ઉતારી દીધા હતા. ભાજપે પણ ૪૨ ઉમેદવારોને ઉતાર્યા હતા. એનડીએ તરફથી રાષ્ટ્રીય લોક સમતા પાર્ટીએ ચાર બેઠકો ઉપર ઉમેદવાર ઉતાર્યા હતા મતદાન સવારે ૭ વાગ્યાથી લઈ સાંજે ૫ વાગ્યા સુધી ૪૩ બેઠકો પર થયુ હતુ. જ્યારે ચાર બેઠકો ઉપર ૩ વાગ્યા સુધી મતદાન થયુ હતુ. એડીશનલ ચીફ ઈલેક્ટોરલ ઓફિસર આર લક્ષ્મણન દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. બળવાખોરગ્રસ્ત વિસ્તારોમાં ખાસ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. અગાઉના ત્રણ તબક્કામાં ૧૩૧ બેઠકો ઉપર મતદાન થઈ ચુક્યું છે. ચોથા તબક્કામાં મતદાન પૂર્ણ થવાની સાથે જ ૧૮૬ બેઠકો ઉપર મતદાન હવે પૂર્ણ થઈ ચુક્યુ છે. પાંચમાં અને અંતિમ તબક્કામાં પાંચમી નવેમ્બરના દિવસે ૫૭ બેઠકો માટે મતદાન થશે. હાઈવોલ્ટેજ ચુંટણી પ્રચાર ચોથા તબક્કા માટે રહ્યું હતું. જેમાં ભાજપ તરફથી અમિત શાહ, નરેન્દ્ર મોદીએ જવાબદારી સંભાળી હતી. ચૂંટણીપ્રચારમાં આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર જારી રહ્યો હતો. બંને ગઠબંધન તરફથી ગંભીર આક્ષેપો કરાયા હતા.

### અતીતની આજ (૪ પાનાનું ચાલુ...)

ઉત્તરમાં એમણે વિસ્તૃત ઉત્તર વાળ્યો, પણ એનો અર્ક હતોઃ 'તમે ન્યાયાધીશ અને શિક્ષા કરનાર ઉભય બની બેસશો તો સરદાર અને પંડિત નેહરુ બંને અશક્ત બની જશે. તેમને તમારી સેવા કરવાની તક આપો. કાયદો તમારા પોતાના હાથમાં લઈને તેમના પ્રયાસોને વિફળ ન બનાવો.'

ગાંધીજીના અંગત સચિવ રહેલા પ્યારેલાલે 'પૂર્ણાહુતિ'ના અંતિમ ગ્રંથમાં નોંધ્યું છેઃ ''ગાંધીજીની મંડળીના એક સભ્ય વચ્ચે કહ્યું, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના માણસોએ વાહની નિરાશ્રિતોની છાવણીમાં સુંદર કામ કર્યું હતું. ત્યાં તેમણે શિસ્ત, હિંમત અને સખત કામ કરવાની તાકાત બતાવ્યાં હતાં. ગાંધીજીએ જવાબ આપ્યો, ''હિટલરના નાઝીઓએ અને મુસોલિનીની આગેવાની નીચે ફાસિસ્ટોએ પણ એમ જ કર્યું હતું એ ભૂલશો નહીં.'' રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને તેમણે (ગાંધીજીએ) ''સરમુખત્યારશાહી દૃષ્ટિવાળી કોમી સંસ્થા' તરીકે વર્ણવી હતી.

અત્યારે હિંદુ મહાસભાવાળા ગાંધીજીના હત્યારા નથૂરામ ગોડસેને 'દેશભક્તલ્લ લેખાવીને તેની પ્રતિમાઓ સ્થાપિત કરવાની ઝુંબેશ ચલાવી રહ્યા છે. શિવસેના પ્રમુખ ઉદ્ધવ બાળ ઠાકરેએ ભારતને 'હિંદુ રાષ્ટ્ર' જાહેર કરવા ઉપરાંત સમાન નાગરી ધારાનો અમલ કરવાનો આગ્રહ દશેરાની રેલીમાં સેવ્યો છે. હિંદુવાદી સંગઠનો વડાપ્રધાન મોદીની સરકાર માટે નિતનવી મૂંઝવણો સર્જે છે ત્યારે સમગ્ર દેશની પ્રજાએ દેશના કોમી એખલાસના વાતાવરણને મજબૂત કરવાનો સંકલ્પ સરદાર પટેલ જેવા કોમી એકતાના જ્યોતિર્ધરની જન્મ જન્મ જયંતીએ કરવાની ખૂબ તાતી જરૂરિયાત છે.

ઈમેલ : haridesai@gmail.com

### ભારત લાવવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્ડોનેશિયામાં ભારતીય રાજદૂત ગુરજીતસિંહે આજે કહ્યું હતું કે, રાજનની ભારત લાવવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. આના માટે કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. રાજને વકીલ તરીકે ફ્રાન્સિસ્કોમાં સેવા પણ લીધી છે. બે દિવસ પહેલા જ કસ્ટડી કેન્દ્રમાં વકીલોને મળી ચુક્યો છે. રાજેન્દ્ર સદાશીવ નિકાલ્જે મૂળ નામ ધરાવનાર છોટા રાજનની ઓળખ કરી લેવામાં આવી છે. તેની અનેક વખત પુછપરછ છેલ્લા સપ્તાહમાં થઈ ચુકી છે. ૭૫થી વધુ કેસોમાં તેની સંડોવણી રહેલી છે. રાજન સાથે હિન્દીમાં સવાલ જવાબ કરવામાં આવી ચુક્યા છે. એક સમયે તે દાઉદનો પણ સાગરિત રહી ચુક્યો છે. મુંબઈમાં જન્મેલા રાજનની ઈન્ટરપોલની રેડકોર્નર નોટિસના આધારે ધરપકડ કરવામાં આવી હતી.

### કઠોળની આયાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

વરસાદની સીધી અસર થઈ છે જેના પરિણામ સ્વરુપે આ વર્ષે કઠોળનું ઉત્પાદન ૧.૭ કરોડ ટન રહેવાનો અંદાજ છે. ૨૦૧૪-૧૫માં કઠોળનું ઉત્પાદન ૧.૭૨ કરોડ ટન રહ્યું હતું. આ ઉપરાંત માંગ વધી જવાના કારણે કુલ ૧.૦૧ કરોડ ટન કઠોળની આયાતની જરૂર પડશે. જો કે, ઉદ્યોગ મંડળ એસોચેમનું કહેવું છે કે, વૈશ્વિક સ્તરપર પુરવઠામાં અડચણો આવવાના લીધે માંગ અને પુરવઠા વચ્ચેના અંતરને દૂર કરવાની બાબત મુશ્કેલરુપ રહેશે. એસોચેમના મહાસચિવ ડીએસ રાવતે માહિતી આપતા કહ્યું છે કે, આ વર્ષે અમે મુશ્કેલ સ્થિતિનો સામનો કરી રહ્યા છીએ પરંતુ અમે ખુબ જ સાવધાન થયેલા છે. ખાદ્યાન્ન ચીજવસ્તુઓના ભાવ આગામી દિવસોમાં વધુ વધવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે જેના કારણે ફુગાવા ઉપર તેની સીધી અસર થશે. મહારાષ્ટ્ર ખરીફ કઠોળના સૌથી મોટા ઉત્પાદક રાજ્ય તરીકે છે. તેની હિસ્સેદારી ૨૪.૯ ટકાની છે જ્યારે કર્ણાટક ૧૩.૫ ટકા, રાજસ્થાન ૧૩.૨ ટકા, મધ્યપ્રદેશ ૧૦ ટકા અને ઉત્તર પ્રદેશમાં ૮.૪ ટકાની હિસ્સેદારી છે. આ પાંચ રાજ્યોમાં દેશનું કુલ ખરીફ કઠોળ ઉત્પાદન ૭૦ ટકાની આસપાસ છે. ચણા અને તુવેર જેવા કઠોળના ઉત્પાદનમાં વધારો થયો છે. ચણાનું ઉત્પાદન ૭૦ લાખ ટનથી વધુનું રહ્યું છે. દેશમાં કુલ કઠોળ ઉત્પાદનમાં તેની હિસ્સેદારી ૪૧ ટકાની આસપાસની રહી છે જ્યારે તુવેરનું ઉત્પાદન ૨.૭ મિલિયન ટન રહ્યું છે. જે ૧૬ ટકાની હિસ્સેદારી આપે છે. ભારતમાં અન્ય અગ્રણી કઠોળ ઉત્પાદનમાં અડદ અને મગનો સમાવેશ થાય છે.

### પોલીસ કસ્ટડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંપર્કમાં હોવાનું પણ જાણમાં આવ્યું હતું. ગુજરાતના ચાર પૂર્વ મુખ્યમંત્રીઓ સાથે હાર્દિક ટીમ સતત સંપર્કમાં રહેતા હતા તેમ ક્રાઈમબ્રાંચનાં સુત્રોએ જણાવ્યું છે. જેમાં કેશુભાઈ પટેલ, શંકરસિંહ વાઘેલા, દિલીપ પરીખ અને સુરેશ મહેતાનું નામ આવે છે. જોકે, આ અંગે ક્રાઈમબ્રાંચના અધિકારીઓના રેકોર્ડ કંઈ પણ કહેવા તૈયાર નથી.પોલીસ માની રહી છે કે, ગુજરાત સરકાર સામે લોકોમાં રોષ, તિરસ્કાર, અસંતોષ ઊભો કરનાર આરોપીઓ સાથે માજી મુખ્યમંત્રીઓ સાથે કોઈ વાટાઘાટો કરી હશે અને તેમની વ્યૂહરચનાથી સરકારને ઘેરતા હશે તે વાતની ચર્ચા ચાલી રહી છે. આ બાબત ટીમ હાર્દિકની કોલ ડિટેઈલમાંથી બહાર આવી છે. દરમિયાન એવા અહેવાલ પણ મળ્યા છે કે, હાર્દિક પટેલ કોડ ભાષામાં વાત પણ કરતો હતો જેમાં પ્રસાદ, શ્રદ્ધાંજલિ, બ્લડ બેંક બનાવવી જેવા કોડ શબ્દોનો સમાવેશ થાય છે. સમગ્ર મામલામાં વધુ તપાસ ચાલી રહી છે.

### સમીક્ષા બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેવા શૈક્ષણિક સંકુલોમાં અભિયાન મોડ પર કામગીરી હાથ ધરવામાં આવે તેને લઈ આ બેઠકમાં વ્યુહરચના તૈયાર કરવામાં આવશે.

જિલ્લામાં આધારકાર્ડ માટે કીટની પુરતી સંખ્યા નહિ હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. તંત્ર એક તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વ્યસ્ત બનેલ છે ત્યારે આ કામગીરીમાં હવે ૨જી ડિસેમ્બર પછી જ વેગ આવશે. ૯મી નવેમ્બરથી શાળાઓમાં દિવાળી વેકેશન પણ શરૂ થઈ રહ્યું છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ડિસેમ્બર માસ દરમ્યાન આ અભિયાન મિશનમોડ પર હાથ ધરવામાં આવશે. ડિસેમ્બર માસમાં ૧૧ ટકાથી પણ વધુ કામગીરી કરવામાં આવે તો જિલ્લાની કામગીરીમાં નોંધપાત્ર સુધારો થશે. ડિસેમ્બરના અંત સુધીમાં ૯૦ ટકા વસ્તીને આધારકાર્ડથી સાંકળી લેવાના લક્ષ્યાંક સાથે તંત્ર કામગીરી કરી રહ્યું હોવાનું પણ આ સૂત્રોએ સમર્થન કર્યું છે.

### જાહેર નોટીસ

**વ.શ્રી બી. ડી. ઝુલા**

**ભિલોડાના મે. જ્યુડી.મેજી. ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ભિલોડા**

ફો.પ.અ.નં. ૨૦૬/૧૫

**અરજદાર** : પટેલ બબુબેન પરષોતમદાસ
રહે. વાંકાનેર, તા. ભીલોડા, જી. અરવલ્લી

વિરુદ્ધ

**સામાવાળા** : જન્મ-મરણ નોંધણી અધિકારી, તલાટી કમ મંત્રીશ્રી
વાંકાનેર ગ્રામ પંચાયત, તા. ભિલોડા, જી. અરવલ્લી

**અરજ** : જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ.

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારનો દિકરો વસંતકુમાર પરષોતમદાસ પટેલ જન્મ તા. ૨૯-૮-૧૯૫૬ના રોજ વાંકાનેર મુકામે થયેલ, પરંતુ તેમના જન્મની નોંધણી જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે કરાવેલ નહીં હોવાથી જન્મની નોંધણી કરાવવા હાલની આ અરજી કરેલ હોઈ, આ અંગે કોઈપણ ઈસમને કોઈપણ જાતનો વાંધો-વિરોધ હોય તો મુદત તા. ૧૮/૧૧/૨૦૧૫ સુધીમાં સવારના ૧૧-૦૦ કલાકે અત્રેની અદાલતમાં હાજર થઈ લેખિતમાં વાંધો રજૂ કરવો. જો તેમ કરવમાં કસુર કરશો તો અરજીની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

આજ તારીખ : ૩૦મી માહે, ઓક્ટોબર, સને-૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**મુસદ્દો તૈયાર કરનાર :**
**સહી/- (એચ. જે. કુંપાવત)**
**આસીસ્ટન્ટ**

કોર્ટનો સીક્કો

**મુકાબલ કરનાર :**
**સહી/- (બી. પી. પટેલ)**
**આસીસ્ટન્ટ**

**હુકમથી**
**સહી/-**
**(સી.પી. બારોટ)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સિપાલ સીવીલ કોર્ટ**
**ભિલોડા**